# એકના ત્રણ ગણા રૂપિયા આપી નાગરીકો સાથે છેતરપિંડી કરતી ગેંગ ઝડપાઈ

ગાંધીનગર, તા.૨૯

એકના ત્રણ ઘણા રૂપીયા કરી આપવાની સ્કીમ આપી છેંતરપિંડી કરી ગુનો આચરતી ગેંગને ગણતરીના કલાકોમાં પકડી પાડી ગુનાઓનો પર્દાફાશ ગાંધીનગર એલસીબી-૨ એ કર્યો છે. જયારે આરોપીઓએ જુદી જુદી જગ્યાએ આચરેલા ૧૨ જેટલા ગુનાના ભેદ પરથી પડદો ઉંચકાયો છે.પોલીસે તેમની પાસેથી રોકડા રૂ.૧ લાખ, ત્રણ મોબાઈલ ફોન કિં.રૂ. ૨૦૦૦, એક મારુતી સ્વીફટ ગાડી કિં.રૂ.૩ લાખ મળી કુલ રૂ. ૪,૦૨,૦૦૦ નો મુદામાલ કબ્જે કરી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી-૨ ના પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ તેમની ટીમના સભ્યો સેકટર-૩૦ સર્કલ નજીક જીઈબી તરફ જવાનો માર્ગ છે ત્યાં ચિલોડાથી આવતા વાહનો ચેક કરતા હતા.તે દરમિયાન પીએસઆઈ પી.ડી.વાઘેલાને ખાનગી રાહે બામતી મળી હતી કે એક સફેદ કલરની સ્વીફટ ગાડી નં. જી.જે.૨૭.એ.પી.-૫૩૭૪ ચિલોડાથી ગાંધીનગર તરફ આવે છે અને ગાડીમાં સવાર ઈસમોએ ગતરોજ સે-૨૧ ખાતે એક ઈસમને એકના ત્રણ ગણા રૂપીયા કરવાની લાલચ આપી તેની સાથે છેંતરપિંડી કરી હતી તે શખ્સો છે. જેને પગલે પોલીસે બાતમીવાળી કારમાંથી લીયાકત અલી ઓરસીદુલ્લા નોવડે (રહે.સાનોદા ગામની સીમ તા.દહેગામ જી.ગાંધીનગર),જયંતિ ઉર્ફે ડાકલી અરજણભાઈ ચકાભાઈ આહીર (ભરવાડ) (રહે.૮૫૩ ભરવાડવાસ ગુપ્તાનગર વાસણા અમદાવાદ), મહેશ રામજીભાઈ ભાડ (પટેલ) (રહે. સાનોદા ગામની સીમમાં અલીભાઈના તબેલા ઉપર તા.જીગાંધીનગર), વિનેશ બચુભાઈ પટેલ હાલ (રહે. સાનોદા) (મુળ રહે. અરડોઈ તા.કોટડા સંગાણી જી.રાજકોટ)ને પકડી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી રોકડા રૂ.૧ લાખ, ત્રણ મોબાઈલ ફોન કિં.રૂ. ૨૦૦૦ એક મારુતી સ્વીફટ ગાડી નં.જી.જે.૨૭.એ.પી.૫૩૭૪ કિં.રૂ.૩ લાખ મળી કુલ રૂ. ૪,૦૨,૦૦૦ નો મુદામાલ કબ્જે કર્યો છે.પોલીસને ચારેય શખ્સોએ સેકટર-૨૧ આર વર્લ્ડ સામેની ચા ની કીટલી ખાતે એક અલ્કેશ વસાવડા નામના શખ્સને એકના ત્રણ ગણા રૂપીયા કરી આપવાની લાલચ આપી તેને આ એક લાખની અસલ નોટોના બદલામાં રૂ.૫૦૦ ના દરની બાળકોને રમવાની ચિલ્ડ્રન બેંક ઓફ ઈન્ડીયા લખેલી નોટના ૬ બંડલ આપ્યા હતા. જેમાં એક અસલી નોટ ઉપર અને બીજી અસલી નોટ નીચે રાખવામાં આવી હતી.

જયારે અસલી નોટના બે બંડલ લઈ લીધા હતા. આરોપીઓ સામે વિશ્વાસઘાત અને છેંતરપિંડી સહિતના ગુનાઓ નોંધાયા છે. જેમાં આરોપીયો લીયાકત અલી તેમજ જયંતિ આહીર ની સામે જુની નોટો આપી નવી નોટો મેળવવા માટે એક ઈસમ પાસેથી અઢી લાખ રૂપીયાની છેંતરપિંડી કરી છે જેને પગલે નવરંગપુરા પોલીસ મથકે ગુનો નોંધાયો છે. જયારે જયંતિ આહીર ઉર્ફે ડાકલી એ એક ઈસમને સોનાનું બિસ્કીટ આપવાની લાલચે આપી અઢીલાખ લઈ લીધા હતા. જેને પગલે અમદાવાદ ક્રાઈમબ્રાંચમાં ગુનો નોંધાયો છે. જયારે આરોપીઓએ વિવિધ જગ્યાએ છેંતરપિડીના ૧૨ જેટલા ગુનાઓની કબુલાત કરી છે. આરોપીઓ એકના ડબલ કરી આપવાની તેમજ સોનાના બિસ્કીટ આપી છેતરપિંડી કરવાની ટેવવાળા છે. આ સિવાય પણ આરોપીઓએ સંખ્યાબંધ ગુના આચરેલા હોવાની શક્યતા છે. તપાસ દરમિયાન આ પ્રકારના વધુ ગુનાનો ભેદ ખુલવાની શકયતા રહેલી છે. જેને પગલે આ ઈસમો એક કા ડબલ, સોનાની બિસ્કીટ, સહિતની લાલચો આપી નાગરીકો પાસેથી પૈસા પડાવવાની ટેવવાળા છે. હાલ ચારેય આરોપીઓની અટકાયત કરીને એલસીબી પોલીસે સેકટર-૨૧ પોલીસને સોંપવામાં આવેલ છે.



# જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ઈન્ફોસીટી કલબ ખાતે ખાનગી ડોકટર્સની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૯

જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ગત તા.૨૭-૯-૧૯ ને શુક્રવારના રોજ ગાંધીનગર ખાતે ઈન્ડીયન મેડીકલ એસોસિએશનના સહયોગથી ઈન્ફોસીટી કલબ ખાતે ટીબી જાગૃતિ અને ટીબીના આર.એન.ટી.સી.પી. પ્રોગામમાં થયેલા ફેરફારને અનુલક્ષી જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના ખાનગી ડોકટરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ટીબી નોટીફીકેશન એકટ અંતર્ગત પ્રાઈવેટમાં શોધાતા તમામ ટીબીના કેસ કેસની નોંધણી ફરજીયાત કરાવવી જોઈએ. તેને પગલે તમામ ડોકટરને માહિતગાર કરવામાં આવ્યા હતા અને નોટીફિકેશન ન કરનાર ડોકટર સાથે કાયદેસરની કાર્યવાહી નોટીફિકેશન એકટ અનુસાર કરવામાં આવશે. તેવી કાયદાકીય જોગવાઈને અનુલક્ષી માહિતી પુરી પાડવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એમ.એચ.સોલંકી, જિલ્લા ક્ષય અધિકારી ડો.એમ.બી. ચૌહાણ, આઈ.એમ.એ.ના પ્રમુખ ડો.અનિલ ચૌહાણ, આઈ.એમ.એ.ના વાઈસ પ્રમુખ ડો.રશ્મીન પ્રજાપતિ, મહારાષ્ટ્રના ડબલ્યું એચ ઓ કન્સલ્ટન્ટ ડો.સંજય સુર્યવંશી, ડો. જયકુમાર મહેતા, તેમજ જિલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફ અને ડબલ્યું એચ પી એજન્સીના તમામ સ્ટાફ, ઈન્ડીયન મેડીકલ એસોસિએશન ના તમામ ડોકટરે હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમમાં ૫૦ થી વધુ ડોકટર હાજર રહ્યા હતા.







# મનપાના વોર્ડનં.૮માં ૬ દિવસ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયું

ગાંધીનગરના મહાનગરપાલિકાના વોર્ડ નં.૮માં છેલ્લા ૬ દિવસ દરમિયાન વિવિધ સ્થળે સ્વાસ્થ્યવર્ધક આયુર્વેદિક ઉકાળાના વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા સે-૨૨ની સરકારી આયુર્વેદ હોસ્પિટલના તબીબ ડૉ. રાકેશભાઈ ભટ્ટના સહયોગથી આયોજિત આ ઉકાળા વિતરણનો અંદાજે એક હજારથી વધુ નાગરિકોએ લાભ લીધો હતો.

સતત વરસાદી સીઝનને પગલે શહેરમાં ઠેર ઠેર રોગચાળાનું પ્રમાણ વધેલું જોવા મળી રહ્યું છે. આ કારણે વોર્ડ નં.૮માં સમાવિષ્ટ સેકટર-૨, ૩, ૪ અને ૩ ન્યુ તથા ઈન્ફોસિટીને આવરી લેતા વિસ્તારોમાં વિવિધ સ્થળે ઉકાળાનું વિતરણ કરાયું હતું. જેમાં સે-૨માં ૩૦૦ વ્યકિતઓ, સે-૪માં ૪૨૦ વ્યકિતઓ તથા સે-૩ ન્યુમાં ૩૦૦ વ્યકિતઓ મળીને કુલ ૧૦૨૦ વ્યકિતઓએ સ્વાસ્થ્યવર્ધક આયુર્વેદિક ઉકાળાનું સેવન કર્યું હતું. રોગચાળાની ઋતુમાં આ ઉકાળા વિતરણ નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિથ થશે તેવું જણાઈ રહ્યું છે.

# ચિલોડા મહુન્દ્રા પાટીયા પાસે કાર લકઝરી બસ ટકરાતા એકનું મોત

ગાંધીનગર, તા.૨૯

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પર આવેલા મહુન્દ્રા પાટીયા પાસે રવિવારના રોજ સવારના સાડા છ વાગ્યાના અરસામાં એસ્ટીમ કાર અને લકઝરી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સુતકના પ્રસંગે પરિવાર અમદાવાદ થી ભિલોડા જઈ રહ્યો હતો ત્યારે ચિલોડા પાસે સવારે અકસ્માત નડ્યો છે. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સ્થાનિક નાગરીકાએ ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ મોકલી આપવામાં આવ્યા હતા.જયારે ત્રણ વ્યકિતઓને શરીરે વધુ ઈજા પહોંચતા તાત્કાલીક અમદાવાદ હોસ્પિટલ રીફર કરાયા છે. જયારે કારમાં સવાર એક મહિલાનું ગાંધીનગર સિવિલ સારવાર દરમિયાન મૃત્યું નિપજ્યું છે. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે લકઝરી બસના ચાલક સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ફરીયાદી હર્ષિલ દિલિપભાઈ મોથલીયા (ઉં.વ.૨૪ અભ્યાસ મકાન નં.૧૭ ગ્રીન પાર્ક સોસાયટી વાવોલ મુળ ગામ વેજપુર તા.ભિલોડા) પોતાના પરિવાર સાથે રહે છે અને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીઓ કરે છે. ફરીયાદીના જણાવ્યા મુજબ આજરોજ સવારના પોણા આઠ વાગ્યાના અરસામાં મારા કાકીબા ચંપાબેન સુકાજી મોથલીયાની પૌત્રી ક્રેયાનો મારા પર ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે ચિલોડાથી હિંમતનગર તરફ જવાના માર્ગે મહુન્દ્રા પાટીયા પાસે અમારી કારને અકસ્માત થયો છે અને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લાવ્યા છે. જેને પગલે ફરીયાદી પોતાના ભાઈ યકીન સાથે તાત્કાલીક ગાંધીનગર સિવિલ પહોંચી ગયા હતા અને જોયું તો મારા કાકી બા ના જમાઈ એટલે સંબંધે ફરીયાદીના ફુવા લાલજીભાઈ સોમાજી મોડીયા, ક્રેયા લાલજીભાઈ મોડીયા, તેમજ લાલજીભાઈના કૌટુંબીક ભાઈ મણીલાલ રામજીભાઈ મોડીયા તેમજ શર્મિલાબેન ઈમરજન્સી વોર્ડમાં હાજર હતા. જયારે બાજુના સ્ટ્રેચરમાં મારા કાકીબા ચંપાબેન સુકાજીને સુવડાવેલ હતા.જેથી ફરિયાદીએ લાલજીભાઈને બનાવ અંગે પુછતા તેમણે જણાવ્યું હતું કે હું મારી પત્ની શર્મીલા તેમજ દિકરી ક્રેયા તેમજ મારી સાસુ ચંપાબેન તેમજ કુટુંબી ભાઈ મણીલાલ રામજીભાઈ મોડીયા પાંચ વ્યકિતઓ મારી એસ્ટીમ કાર નં જી.જે.૦૨.એ.સી.-૨૬૦૩ લઈને સવારે પાંચ વાગ્યાના અરસામાં અમદાવાદથી મુળ વતનમાં સંબંધીને ત્યાં સુતકના પ્રસંગે જવા માટે નીકળ્યા હતા તે સમયે સાડા છ વાગ્યાના અરસામાં મહુન્દ્રા પાટીયા પાસે હિંમતનગરથી આવી રહેલી ટ્રક નં. આર.જે.૨૦.પી.બી.-૧૧૯૦ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર તમામને ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જેમાં ત્રણ વ્યકિતઓને શરીરે વધુ ઈજા પહોંચતા અમદાવાદ ખાતે રીફર કરાયા હતા. જયારે ચંપાબેનનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# સેકટર-૩ એ માંથી બુલેટની ચોરી

ગાંધીનગર શહેરના સેકટર-૩ એ પ્લોટ નં ૨-૨ ખાતે રહેતા ૩૦ વર્ષિય આશિષ રૂપાભાઈ ચારેલ (મુળ ગામ. હળમત તા.ફતેપુરા, જી.દાહોદ) નારદીપુર ગામે સીએચસી કેન્દ્રમાં ડોકટર તરીકે ફરજ બજાવે છે. તેઓ વર્ષ-૨૦૧૭ ના મોડલનું બુલેટ નં. જી.જે.૧૮.સી.આર.૧૯૯૨ ગત તા. ૨૫ ના રોજ રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં ઘર પાસે પાર્ક કર્યું હતું અને સવારે તા.૨૬ ના રોજ સવારે ૮ વાગે ઉઠીને જોયું તો પાર્ક કરેલી જગ્યાએ બુલેટ ન હતું. જેને પગલે આસપાસના વિસ્તારમાં બુલેટ અંગે તપાસ હાથ ધરી હતી.

# ગુજરાતમાં ૧૩૦ ટકા વરસાદ સાથે ૧૦૧ ટકાથી વધુ ખરીફ પાકનું વાવેતર, તમાકુને બાય-બાય

## કેન્દ્ર સરકાર ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા સેન્દ્રીય ખેતી હેઠળનો પ્રથમ જિલ્લો બનાવશે

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

ગુજરાતમાં આ વર્ષે મોસમનો બદલાવ થયો છે અને આસો મહિનામાં પણ વરસાદ ચાલુ છે. રાજ્યમાં મોસમનો કુલ ૧૩૦ ટકાથી વધુ વરસાદ થયો છે જેની સાથે ખરીફ સિઝનની વાવણીમાં પણ વધારો થયો છે. રાજ્યમાં નોર્મલ વાવેતર વિસ્તાર ૮૪.૭૬ લાખ હેક્ટરની સામે આ વર્ષે ૮૫.૮૯ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ કપાસનું વાવેતર ૨૬.૬૬ લાખ હેક્ટરમાં થયું છે, બીજાક્રમે ૧૫.૫૨ લાખ હેક્ટર સાથે મગફળીનું વાવેતર જોવા મળે છે. સૌથી મોટું આશ્ચર્ય એ બાબતનું છે કે રાજ્યના ખેડૂતો હવે તમાકુના વાવેતરથી દૂર ભાગી રહ્યાં છે. તમાકુનો વાવેતર વિસ્તાર ૫૭૮૦૦ હેક્ટર હતો તે ઘટીને હવે ૨૫૮૦૦ હેક્ટર થયો છે. રાજ્યના ખેડૂતોએ ૨.૨૭ લાખ હેક્ટરમાં શાકભાજી, ૧૨.૭૫ લાખ હેક્ટરમાં ઘાસચારો, ૪.૦૫ લાખ હેક્ટરમાં કઠોળ, ૧૩.૬૬ લાખ હેક્ટરમાં અનાજ અને ૭.૦૨ લાખ હેક્ટરમાં કેસ્ટરની ખેતી કરી છે. રાજ્યમાં ખરીફ વાવેતર ૧૦૧.૩૧ ટકા થયું છે. ગયા વર્ષે ૮૨,૨૭,૪૨૯ હેક્ટરમાં ખરીફના પાક લેવામાં આવ્યા હતા જયારે આ વર્ષે ૮૫,૮૭,૮૨૬ હેક્ટરમાં પાક લેવામાં આવ્યા છે. જો કે વાવેલા પાક ભારે વરસાદમાં બદબાદ ન થઈ જાય તેની ખેડૂતોને ચિંતા છે. ગુજરાતમાં ઉત્તમ ચોમાસાના કારણે ખરીફ ઉપરાંત રવિ પાકની દિશા પણ બદલાવી નાંખી છે. રવિ પાકમાં ખેડૂતોને પાણીની અછત પડશે નહીં તેથી ખરીફ તેમજ રવિ સિઝનનો ગુજરાતને બંપર પાક મળી રહેશે.

**ડાંગ જિલ્લાની ખેતી કેમિકલ ફ્રી બનશે...**

રાસાયણિક ખાતરો અને કેમિકલ્સના બહોળા ઉપયોગના કારણે જમીનની ફળદ્રુપતા પર વિપરિત અસર થતી જાય છે અને પાકની ઉત્પાદકતા પણ ઘટી રહી છે. આ સાથે કૃષિ રસાયણોની માનવ જીવન અને પશુઓના સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડે છે. રાજ્ય સરકાર હવે કૃષિ પ્રદૂષણને દૂર કરી સજીવ ખેતી માટે ખેડૂતોને જાગૃત કરી રહી છે. સેન્દ્રીય ખેતીના એક નહીં અનેક ફાયદા છે તેવું કૃષિ તજજ્ઞો ખેડૂતોને સમજાવે છે. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં સામાન્ય રીતે રસાયણિક ખાતરનો ઉપયોગ મર્યાદિત જોવા મળે છે. ભારત સરકારે રાજ્યના ડાંગ જિલ્લાને સંપૂર્ણ સેન્દ્રીય ખેતી હેઠળ આવરી લેવાનું નક્કી કર્યું છે જ્યારે વસલાડના ધરમપુર, કપરાડા અને નવસારીના વાંસદા તાલુકાને પણ સેન્દ્રીય ખેતી હેઠળ આવરી લીધા છે. રાજ્ય સરકાર ડાંગ જિલ્લા અને અન્ય ત્રણ તાલુકાને કેમિકલ ફ્રી એગ્રીકલ્ચરમાં ફેરવવા માટે ૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. રાજ્યના કૃષિ વિભાગના અધિકારીએ કહ્યું હતું કે આ વર્ષના અંત સુધીમાં સરકાર ટારગેટ પ્રમાણે કાર્યવાહી કરીને ડાંગ તેમજ ત્રણ જિલ્લાના ખેડૂતોને જાગૃત બનાવશે.

**ઉદ્યોગો માટે ગ્રુપ તો કૃષિ માટે કેમ નહીં...**

એક જાગૃત આઈએએસ ઓફિસર સરકારની કાર્યવાહીને લોકો સુધી પહોંચાડી શકે છે. લોકો (અરજદારો) ના પ્રશ્નો અને સમસ્યાઓ સોશ્યલ માધ્યમથી સાંભળીને તેનો નિકાલ કરી શકે છે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે તેમના વિભાગના તમામ અધિકારીઓ તેમજ જિલ્લા કલેક્ટરેટના ઓફિસરોને ટ્વિટર હેન્ડલનો ઉપયોગ કરી લોકોની સમસ્યાઓ ઉકેલવાનો આદેશ કર્યા પછી આજે રાજ્યના ૩૩ જિલ્લા કલેક્ટરો ટ્વિટર પર ઓનલાઈન જોવા મળે છે. એવી જ રીતે બીજો એક સારો પ્રયાસ ઉદ્યોગ વિભાગમાં થયો છે. ઉદ્યોગોના પ્રશ્નોના ઉકેલ માટે રિયલ ટાઈમ ફીડબેક માટે ઉદ્યોગ પ્રતિનિધિઓએ સિનર્જી નામનું વોટ્સઅપનું એક ગ્રુપ બનાવ્યું છે. આ ગ્રુપમાં ઉદ્યોગ એસોસિએશનના હોદ્દેદારો સભ્ય છે. એટલું જ નહીં, ખુદ ઉદ્યોગ કમિશનર રાહુલ ગુપ્તા પણ તેના સભ્ય છે. કોઈપણ ઉદ્યોગ પ્રતિનિધિ તેને પડતી મુશ્કેલીઓ તેમજ સૂચનો આ ગ્રુપમાં જણાવી શકે છે. ઉદ્યોગ વિભાગનો આ પ્રયાસ સરાહનિય છે પરંતુ આવું ગ્રુપ જો કૃષિમાં બનાવીને ખેડૂત સંગઠનના હોદ્દેદારોને તેના સભ્ય બનાવવામાં આવે તો ખેડૂતોના પ્રશ્નોનો પણ સીધો નિકાલ આવી શકે તેમ છે. રાજ્યના કિસાન નેતાઓએ આવા વોટ્સઅપ ગ્રુપનો વિચાર કરીને રાજ્યના કૃષિ અધિકારીઓને તેમાં સભ્ય બનાવવા જોઈએ કે જેથી ખેડૂત આગેવાનો કિસાનોના વિવિધ પ્રશ્નો તેમજ કૃષિ વિષયક સૂચન કરી શકે.



**ચાર વર્ષમાં સરકારે એક પ્લોટ કબજે કર્યો...**

ગાંધીનગરમાં સરકારી રાહતદરના પ્લોટ લઈને વેચી દેનારાઓની યાદીમાં માત્ર ઓફિસરો કે કર્મચારીઓ જ નથી, આપણા સંસદસભ્યો અને ધારાસભ્યોએ પણ કરોડો રૂપિયા લઈને સરકારી પ્લોટને વેચી માર્યા છે. ગાંધીનગરમાં આ પ્રકારના ૧૦૦૦ થી વધારે દાખલા મોજૂદ છે. ખરીદનારા વર્ગની કમનસીબી છે કે સરકારી પ્લોટ લાખો રૂપિયામાં ખરીદે છે અને સરકારી પ્રિમિયમના દરો પણ તેને જ ભરવા પડે છે. સરકારી નિતીમાં વેચનારને તગડો ફાયદો છે. ગાંધીનગરમાં હજી એવા ઘણાં પ્લોટ છે કે જેમાં બાંધકામ થયું નથી અને શરતભંગ થયો છે છતાં સરકારના ચોપડે શરતભંગના ખૂબ ઓછા પ્લોટ બોલે છે. શહેરના સેક્ટર-૧ થી સેક્ટર-૮માં સરકારે આપેલા રહેણાંક, ઔદ્યોગિક, સામાજીક તેમજ શૈક્ષણિક હેતુના પ્લોટમાં શરતભંગના ૫૪૪ કેસ શોધી કાઢવામાં આવ્યા છે. આ તમામને શરતભંગની નોટીસ આપવામાં આવી છે પરંતુ તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. છેલ્લા ચાર વર્ષમાં સરકારે માત્ર એક જ પ્લોટ સરકાર હસ્તક કર્યો છે, બાકીના કિસ્સામાં દંડ ભરીને બાંધકામની મંજૂરી આપવામાં આવી છે. ગાંધીનગર માટે એવું કહેવાય છે કે માલામાલ થવું હોય તો ગમે તેમ કરીને સરકારી પ્લોટના માલિક બની જાવ, પછી બજાર તમારા માટે રાહ જોઈને બેઠું છે.

## અમિત શાહ ઓછું બોલે છે પણ વ્યવહારૂં છે, મિત્રો માટે વફાદારી સર્વશ્રેષ્ઠ ગુણ છે

**અમિત શાહ એટલે મોદીની અડધી શક્તિ...**

આજે દેશમાં મોદી સાથે શાહનું નામ લેવાય છે. આ બન્ને ગુજરાતી નેતાઓએ સમગ્ર દેશની બિન ભાજપ પાર્ટીઓના નેતાઓને તેમના મૂળ સ્થાન બતાવી દીધા છે. અમિત શાહ ૨૦૦૨થી મોદીનો પડછાયો બનીને સાથે રહ્યાં છે. અમિત શાહે ગુજરાત અને દેશમાં કોંગ્રેસને ખતમ કરવામાં જરાય પાછીપાની કરી નથી. કોંગ્રેસના ટોચના નેતાઓને ભાજપનો ખેસ પહેરાવનારા અમિત શાહ ઓછું બોલે છે પણ વ્યવહારૂં છે. મિત્રો માટે જે કરવું પડે તે કરવું અને વફાદારી સર્વશ્રેષ્ઠ ગુણ છે. રાજનિતીમાં ટેકનિકલ માઈન્ડ ધરાવતો ગુજરાત ભાજપનો ચહેરો આજે રાષ્ટ્રીય ભાજપનો તારણહાર બન્યો છે. ઉત્તરપ્રદેશની ગલીઓમાં જઈને વિશાળ પાર્ટીઓને ધરાશયી કરી છે. લોકસભામા મોદીની સાથે ખભેખભા મિલાવીને બમણા જોરથી પ્રચાર કર્યો છે. રાજનિતીમાં અનેક યાતનાઓ ભોગવી ચૂકેલા અમિત શાહને આખી પાર્ટી નરેન્દ્ર મોદીની અડધી શક્તિ કહે છે. અમિત શાહ છે તો મોદી માટે બધુ મુમકીન છે. દેશના ૧૨ રાજ્યોમાં ભાજપમાંથી ચૂંટાયેલા મુખ્યમંત્રી છે. ભાજપ સાથે જોડાણ કર્યું હોય તેવી પાર્ટીઓની ૬ રાજ્યોમાં સરકાર છે. એટલે કે એનડીની સરકાર દેશના ૧૮ રાજ્યોમાં છે. લોકસભામાં ભાજપના ૩૦૩ અને રાજ્યસભામાં ૮૦ સભ્યો છે. ભાજપ સાથે જે પાર્ટીઓએ જોડાણ કર્યું છે તેની સાથે સંખ્યા જોવામાં આવે તો લોકસભામાં એનડીના ૩૫૭ અને રાજયસભામાં ૧૧૭ સભઅયો થવા જાય છે. દેશની વિધાનસભાઓમાં કુલ ૪૧૨૦ બેઠકો પૈકી ભાજપ પાસે ૧૩૭૫ અને એનડીએ પાસે ૨૫૦ મળીને કુલ ૧૮૫૨ બેઠકો છે. રાષ્ટ્રીય ભાજપના ઈતિહાસમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહની આ સૌથી મોટી સિદ્ધી છે. એનડીએની સ્થાપના ૧૯૯૮માં થઈ હતી અને તેના પ્રણેતા અટલ બિહારી વાજપેયી હતા. આજે એનડીએમાં ૨૪ પાર્ટીઓ જોડાયેલી છે.

## દેશમાં ભાજપની 'આજ' ઉજળી થઇ છે અને કોંગ્રેસની 'આજ' નબળી બની રહી છે

**કોંગ્રેસની આજ વધુ નબળી બની રહી છે...**

એક સમયે ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીના સમયમાં કોંગ્રેસનો ડંકો વાગતો હતો પરંતુ કોંગ્રેસની આજ વધુ નબળી પડી છે. પાર્ટી પાસે દેશમાં લોકસભાની ૫૨ અને રાજ્યસભામાં ૪૮ બેઠકો છે. યુપીએનો કુલ સરવાળો કરીએ તો ૯૨ બેઠકો લોકસભામાં છે અને માત્ર ૬૪ બેઠકો રાજ્યસભામાં જોવા મળે છે. એટલે કે બન્ને ગૃહોમાં ભાજપને બહુમતિ આપી દેવામાં આવી છે. રાજ્યોની વિધાનસભાઓમાં કોંગ્રેસના સભ્યોની સંખ્યા માત્ર ૮૬૪ જોવા મળે છે. જો તેમાં યુપીએના ઘટક પક્ષોને ઉમેરવામાં આવે તો કુલ સભ્યસંખ્યા ૧૨૧૮ થવા જાય છે. કોંગ્રેસ પાસે હાલ પોંડિચેરી, પંજાબ, છત્તીસગઢ, રાજસ્થાન અને મધ્યપ્રદેશ છે. યુપીએ સમર્થિત કુલ છ રાજ્યોમાં કોંગ્રેસનું વર્ચસ્વ જોવા મળે છે. દેશમાં યુપીએની સ્થાપના ૨૦૦૪માં સોનિયા ગાંધીએ કરી હતી. આજે યુપીએમાં ૧૬ પાર્ટીઓ સભ્ય હોવા છતાં સમગ્ર દેશમાં માત્ર છ રાજ્યોમાં સત્તા હાંસલ કરેલી છે. ગુજરાતમાં કોંગ્રેસ પાસે ૧૯૯૦ પછી સંપૂર્ણ સત્તા આવી નથી. કોંગ્રેસ કે ભાજપ સિવાયની પાર્ટીઓના ત્રણ-ચાર વર્ષને બાદ કરવામાં આવે તો રાજ્યમાં ૨૪ વર્ષથી ભાજપની સરકાર શાસન કરે છે. ભાજપે ગુજરાતમાં ૨૪ વર્ષમાં પાંચ મુખ્યમંત્રી આપ્યાં છે. રાજ્યમાં સૌથી વધુ સાડા તેર વર્ષનું શાસન એકમાત્ર નરેન્દ્ર મોદીએ કર્યું છે જે અત્યાર સુધીનો રાજકીય વિક્રમ છે.